# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **ભારત અને અમેરિકાએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં પેક્સ સિલિકા ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા.**
2. **કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ વ્યાપારી ઉત્પાદન શરૂ કરશે.**
3. **ગુગલના C.E.O. સુંદર પિચાઈએ જણાવ્યું કે, ગુગલ ભારત અને અમેરિકા વચ્ચે જોડાણ બિંદુ તરીકે સેવા આપવાનો ગર્વ અનુભવે છે.**
4. **પટના વડી અદાલતે, બિહાર વિધાનસભાની તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણીમાં ગેરરીતિઓ બદલ 28 ધારાસભ્યોને નોટિસ પાઠવી.**
5. **ICC T-20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, આજે શ્રીલંકામાં ગ્રુપ Bના છેલ્લા મુકાબલામાં ઓસ્ટ્રેલિયા ઓમાન સામે ટકરાશે.**

,,,.................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# AI IMPACT SUMMIT

નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ ચાલી રહી છે. સમિટના પાંચમા દિવસે, આજે નેતાઓ દ્વારા એક સંયુક્ત ઘોષણાપત્ર અપનાવવામાં આવશે, જેમાં વૈશ્વિક એઆઈ શાસન અને સહયોગ પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાઓની રૂપરેખા આપવામાં આવશે.

ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ **(GPAI)** કાઉન્સિલની ઉચ્ચ-સ્તરીય બેઠકો પણ યોજાશે. સભ્ય દેશો જવાબદાર અને સમાવિષ્ટ એઆઈ પર બહુપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટેની પ્રાથમિકતાઓ અનુસાર પ્રગતિની સમીક્ષા કરશે.સાંભળીએ એક અહેવાલ

## BYTE : ARJUN-AI

. . . . . . . . . . . . . . . . . .

# PAX SILICA-INDIA

ભારત અને અમેરિકાએ આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં પેક્સ સિલિકા ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા. આ ઘોષણાપત્ર મહત્વપૂર્ણ ખનિજો અને સેમિકન્ડક્ટરના ઉત્પાદનમાં તેમજ કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસશીલ ક્ષેત્રમાં સહયોગને મજબૂત બનાવશે.

આ પ્રસંગે, કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી, અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ભારત સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગોમાં અગ્રણી ભૂમિકા ભજવવાનું લક્ષ્ય રાખે છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે ભારતના પ્રતિભાશાળી ઇજનેરો સૌથી જટિલ અને અદ્યતન 2-નેનોમીટર ચિપ્સ ડિઝાઇન કરી રહ્યા છે. આ પ્રસંગે, ભારત ખાતેના અમેરિકાના રાજદૂત, સર્જિયો ગોરે જણાવ્યું કે બંને દેશો વચ્ચે વેપાર કરારોથી લઈને પેક્સ સિલિકા અને સંરક્ષણ સહયોગ સુધીની તકો વધી છે.

. . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW-PAX SILICA

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે આજે હસ્તાક્ષર કરાયેલ પેક્સ સિલિકા ઘોષણાપત્ર સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન, સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને ચિપ ડિઝાઇન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, આ ગઠબંધન ભારતમાં સમગ્ર સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ સ્થાપિત કરવામાં મદદરૂપ થશે, જેનાથી ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રને ફાયદો થશે. શ્રી વૈષ્ણવે ભાર મૂક્યો કે, આજે વિશ્વ ભારત પર તેની વિશ્વસનીય વિદેશ નીતિ અને વિશાળ પ્રતિભાને કારણે

વિશ્વાસ કરે છે. તેમણે ઉમેર્યું કે, ખૂબ જ ટૂંક સમયમાં ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ વ્યાપારી ઉત્પાદન શરૂ કરશે.

**BYTE : ASHWINI-JOB-POOL**

. . . . . . . . . . . . . . . . . .

## PICHAI- PAX SILICA

ગુગલ અને આલ્ફાબેટના મુખ્ય કાર્યકારી અધિકારી સુંદર પિચાઈએ જણાવ્યું કે ગુગલ ભારત અને અમેરિકા વચ્ચે જોડાણ બિંદુ તરીકે સેવા આપવાનો ગર્વ અનુભવે છે. તેઓ નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ઇન્ડિયા-યુએસ પેક્સ સિલિકા ઘોષણાપત્રના હસ્તાક્ષર સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. શ્રી પિચાઈએ જણાવ્યું કે ભારત-યુએસ ભાગીદારી એક સમાવિષ્ટ અને પરિવર્તનશીલ એઆઈ ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભારતની ટેકનોલોજીકલ પ્રગતિમાં વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે દેશ એઆઈના ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ જોવા માટે તૈયાર છે અને પેક્સ સિલિકા સપ્લાય ચેઇનની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને મુખ્ય ટેકનોલોજીમાં વ્યાપક વ્યાપારી ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

તેમણે ઉમેર્યું હતું કે ગુગલ ઉત્પાદનો, વિસ્તરણ અને માળખાગત સુવિધાઓ સહિત સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આ વિકાસને સમર્થન આપી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

## REV.PM STARTUP ROUNDTABLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં સેવા તીર્થ ખાતે AI અને ડીપટેક સ્ટાર્ટઅપ્સના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથે બેઠક યોજી.

પ્રધાનમંત્રીએ કૃષિ, પર્યાવરણીય સંરક્ષણ અને માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા જેવા વિવિધ ક્ષેત્રોમાં AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સંભાવનાઓ પર ચર્ચા કરી હતી. શ્રી મોદીએ મજબૂત ડેટા ગવર્નન્સની જરૂરિયાત પર ભાર મુક્તા ખોટી માહિતી સામે ચેતવણી આપી હતી અને ભારતની જરૂરિયાતોને અનુરૂપ ઉકેલો વિકસાવવા માટે આગ્રહ કર્યો હતો.

બેઠક દરમિયાન 16 AI અને ડીપટેક સ્ટાર્ટઅપ્સના CEOs અને સ્થાપકોએ તેમના વિચારો અને કાર્ય રજૂ કર્યા હતા. AI સ્ટાર્ટઅપ્સે ભારતના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MIZORAM AND AP - STATEHOOD DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, આજે અરુણાચલ પ્રદેશ અને મિઝોરમના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, બંને રાજ્યો પ્રાકૃતિક સૌંદર્ય, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને સાહસિક લોકોથી ભરપૂર છે. આ રાજ્યો રાષ્ટ્રીય વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાન અને પ્રતિબદ્ધતાથી પ્રેરણા આપતા રહે છે. રાષ્ટ્રપતિએ બંને રાજ્યોના લોકોની સતત પ્રગતિ અને સમૃદ્ધિની પણ શુભેચ્છા પાઠવી હતી.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પણ અરુણાચલ પ્રદેશના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે , રાજ્યના ઉત્સાહી અને મહેનતુ નાગરિકો રાષ્ટ્રની પ્રગતિને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

દરમિયાન, શ્રી શાહે રાજ્યની સતત પ્રગતિ માટે પણ પ્રાર્થના કરી.

. . . . . . . . . . . . . . . . . .

## SHAH TRIPURA

ગૃહમંત્રી અમિત શાહ આજે ત્રિપુરાના અગરતલામાં સંયુક્ત પ્રાદેશિક સત્તાવાર ભાષા પરિષદનું ઉદ્ઘાટન કરશે.

ત્રિપુરામાં પહેલી વાર આયોજિત આ પરિષદમાં પશ્ચિમ બંગાળ, ઓડિશા, આસામ અને ઉત્તર પ્રદેશ સહિત આશરે 20 રાજ્યોના પ્રતિનિધિઓ હાજરી આપશે. પરિષદમાં ચર્ચાના મુખ્ય વિષયો હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા, ભાષા સંબંધિત પડકારોનો સામનો કરવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા અને આધુનિક તકનીકોનો ઉપયોગ કરવાનો રહેશે.

સંમેલન દરમિયાન, સત્તાવાર ભાષા નીતિના અનુકરણીય અમલીકરણ માટે 80 પ્રાદેશિક સત્તાવાર ભાષા પુરસ્કારો રજૂ કરવામાં

આવશે. આ પ્રસંગે રાજભાષા ભારતીનો એક ખાસ ઉત્તરપૂર્વ અંક પણ પ્રકાશિત કરવામાં આવશે, અને બે મહત્વપૂર્ણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે. ભાષા અમલીકરણમાં નવીનતાઓ દર્શાવતું પ્રદર્શન અને આરોગ્યને પ્રોત્સાહન આપતું એક ખાસ યોગ સત્ર પણ આ પરિષદનો ભાગ છે.

. . . . . . . . . . . . . . . . .

## PATNA HC

પટના વડી અદાલતે બિહાર વિધાનસભાના 28 સભ્યોને નોટિસ ફટકારી. આ ધારાસભ્યો વિરુદ્ધ કુલ 40 અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અદાલતે તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણીમાં ગેરરીતિઓ અને તેમના ચૂંટણી સોગંદનામામાં કથિત વિસંગતતાઓનો આરોપ લગાવતી અરજીઓના સંદર્ભમાં તેમના જવાબો માંગ્યા છે.

ન્યાયાધીશ શશિ ભૂષણ પ્રસાદ સિંહ અને ન્યાયાધીશ અશોક કુમાર પાંડેની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા અલગ અલગ તારીખે હાથ ધરવામાં આવેલી પ્રારંભિક સુનાવણી બાદ આ નોટિસ જારી કરવામાં આવી હતી. આ મામલે વિધાનસભા અધ્યક્ષ પ્રેમકુમાર અને નાણામંત્રી બિજેન્દ્ર પ્રસાદ યાદવ વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . .

## J&K-CM TOURISM

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ હાલમાં બંધ રહેલા તમામ પર્યટન સ્થળો મે મહિના સુધીમાં ફરી ખુલવાની શક્યતા જણાવી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકાર પર્યટન ઉદ્યોગને મજબૂત અને વૈવિધ્યસભર બનાવવા માટે નવ નવા પર્યટન સ્થળો ખોલવાની યોજના પર કામ કરી રહી છે.

વિધાનસભામાં અનુદાનની માંગણીઓ પર ચર્ચા પૂર્ણ કરતા શ્રી અબ્દુલ્લાએ જણાવ્યું કે, 22 એપ્રિલ, 2025 ના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી તેમની સરકારે પ્રવાસનને પુનર્જીવિત કરવા માટે તબક્કાવાર રીતે કામ કર્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકાર પહેલગામ, ગુલમર્ગ અને સોનમર્ગમાં પર્યટન માળખામાં હાલની ખામીઓને દૂર કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, જમ્મુ તળાવ અને જમ્મુ રિવરફ્રન્ટ સહિત કેટલાક પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## J&K - SECURITY

જમ્મુ કાશ્મીરમાં, રાજૌરી જિલ્લાના સુંદરબની વિસ્તારમાં સુરક્ષા દળોએ નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ, જમ્મુ સ્થિત વ્હાઇટ નાઈટ કોર્પ્સને ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે નાથુઆ ટિબ્બા વિસ્તારમાં આતંકવાદીઓની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. જે અંગે સૈનિકોએ સામી કાર્યવાહી કરીને ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .

## US GAZA

ગાઝા શાંતિ કરાર હેઠળ 20 હજાર સૈનિકો સામેલ કરાશે. આ સૈનિકો ગાઝા પટ્ટીમાં 12 હજાર પેલેસ્ટિનિયન પોલીસ અધિકારીઓ સાથે કામ કરશે.

નવા રચાયેલા ઇન્ટરનેશનલ સ્ટેબિલાઇઝેશન ફોર્સ (ISAF) ના કમાન્ડર જેસ્પર જેફર્સે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત પીસ ઓફ બોર્ડની ઉદ્ઘાટન બેઠકમાં આમ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, ISF અને પેલેસ્ટિનિયન પોલીસ દળો માટે તાલીમ ઇજિપ્ત અને જોર્ડનમાં થશે.

અગાઉ, ટ્રમ્પે ગયા મહિને સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં ઔપચારિક રીતે પીસ ઓફ બોર્ડની ની જાહેરાત કરી હતી. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ જણાવ્યું છે કે યુરોપિયન સંઘને પીસ ઓફ બોર્ડના ઘણા પાસાઓ અંગે ગંભીર શંકા છે.

. . . . . . . . . . . . . . . . . .